તાપમાન
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૭૫ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૫૫ | ૧૪ ઓગસ્ટ, ૨૦૧૬, રવિવાર ; શ્રાવણ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




# પૂજ્ય પ્રમુખસ્વામી બ્રહ્મલીન



## છેલ્લા કેટલાક સમયથી અસ્વસ્થ રહેતા પરમ સંત પરમ પૂજ્ય પ્રમુખસ્વામી શનિવારે સાંજે ૬ કલાકે સારંગપુર ખાતે બ્રહ્મલીન થયા : દેશ-વિદેશના હરિભક્તોમાં ઘેરા શોકની લાગણી

અમદાવાદ, તા.૧૩ પ્રમુખ સ્વામી મહારાજ આજે સાંજે બ્રહ્મલીન થતા આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. ખાસ કરીને સ્વામી નારાયણ સંપ્રદાયમાં તેમના હરીભક્તોમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. પ્રમુખ સ્વામી મહારાજ છેલ્લા ઘણા સમયથી બીમાર હતા. તેમને જુદી જુદી તકલીફ થયેલી હતી. આજે સાંજે છ વાગે સાળંગપુર ખાતે પ્રમુખ સ્વામી મહારાજે અંતિમ શ્વાસ

● અનુસંધાન પાન-૭ પર

## પ્રધાનમંત્રી મોદી સહિત મહાનુભાવોની અંજલિ

અમદાવાદ,તા. ૧૩

પ્રમુખ સ્વામી મહારાજ બ્રહ્મલીન થયા બાદ દેશભરમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, જુદા જુદા રાજ્યોના મુખ્યમંત્રીઓ, ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિતના તમામે પ્રમુખ સ્વામી મહારાજના બ્રહ્મલીન થવા અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

પ્રમુખ સ્વામી મહારાજ નરેન્દ્ર મોદી માટે પણ પ્રેરણા સમાન રહ્યા હતા. લોકસભાની ચૂંટણી દરમ્યાન પણ તેમની વચ્ચે મુલાકાત થઈ હતી. પ્રમુખ સ્વામી મહારાજના કરોડો હરિભક્તોમાં હવે કેટલાક દિવસ સુધી આઘાતનું મોજુ રહે તેમ માનવામાં આવે છે. ૧૯૭૦માં ગુરૂ તરીકે પ્રમુખ સ્વામી મહારાજે પ્રથમ વાર વિદેશની યાત્રા કરી હતી.

**જોઈએ છે**

બી.એડ. કૉલેજ માટે નીચેના વિષયો માટે સ્ટાફ જોઈએ છે

ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, સંસ્કૃતિ, ગણિત, વિજ્ઞાન, એકાઉન્ટ - વાણિજ્ય વ્યવસ્થા, સામાજિક વિજ્ઞાન

લાયકાતનું ધોરણ નીચે મુજબ છે.

એમ.એ./એમ.કોમ./ એમ.એસ.સી.- એમ.એડ.-૫૫%

નિવૃત્ત શિક્ષકો - આચાર્ય આવકાર્ય છે.

વય મર્યાદા - ૬૫

મો. નં. ૯૮૨૫૦ ૪૧૩૪૯

**ડૉક્ટર મળશે નહિ**

શહેરના જાણીતા કાન-નાક-ગળાના નિષ્ણાત

ડૉ. યશવંત બી. છાટબાર

તા. ૧૫/૮/૧૬ને સોમવારથી તા. ૧૯/૮/૧૬ શુક્રવાર સુધી બહારગામ હોવાથી મળી શકશે નહિ.




**જાહેર આમંત્રણ**

૧૫ ઓગષ્ટને સોમવારના સાબરકાંઠાનો જીલ્લાકક્ષાના ૭૦ મા સ્વાતંત્ર પર્વની ઉજવણી **પ્રાંતિજ કેળવણી મંડળ** સંચાલિત અવર ઓન હાઈસ્કૂલના મેદાનમાં સવારે ૯ વાગ્યે ઉજવણી થવાની હોઈ પ્રાંતિજ શહેર તાલુકામાં જીલ્લાની પ્રજાએ ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણછે.

50 Years Golden Jubilee

રહિશભાઈ કસ્બાતી - ટ્રસ્ટીશ્રી/મંત્રીશ્રી
પ્રાંતિજ કેળવણી મંડળ તથા પરિવાર




